રાજ્યના ગ્રાન્ટ ઇન એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ખાતે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (કા.ઇ.) ની શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે માનદ સેવાઓ આમંત્રિત કરવા અંગે

ગુજરાત સરકાર

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળનાં રાજ્યના ગ્રાન્ટ ઇન એઇડ કેન્દ્રો ખાતે જરૂરીયાત વાળા ગ્રુપના વ્યવસાયોમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (કા.ઇ.)ની શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ-૧૩૪ ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે જે તે સંસ્થાના ફાલમાં મંજૂર મહેકમની મર્યાદામાં માનદવેતનથી તદ્દન હંગામી ક્રમચલાઉ ધોરણે ૧૧ માસ માટે અથવા માન્ય સીધી ભરતીથી ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીના સમયગાળા માટે તેમજ નિયમીત જગ્યાઓ ન ભરાય/ સંસ્થાને જરૂરિયાત હોય ત્યાં સુધી વયગાળાની વ્યવસ્થાના ભાગ રૂપે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (કા.ઇ.)ની માનદ સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અનુબંધમ પોર્ટલ મારફતે અરજીઓ મંગાવવામાં આવે છે.

શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૧૫/૧૦/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક:LED/MSM/e-file/11/2023/0727/R1-Section મુજબ કલાકના પિરીયડ દીઠ રૂ.૧૮૦/- લેખે મહત્તમ દૈનિક ૬ કલાક લેખે દૈનિક રૂ.૧,૦૮૦/-ના દરે માસિક રૂ.૨૮,૦૮૦/-થી વધુ નહીં તે રીતે માનદ વેતન ચુકવવામાં આવશે.

લાયકાતના ધોરણો NCVT/GCVT દ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સીલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતી નિયમો તેમજ સંસ્થા વાઇઝ/ટ્રેડવાઇઝ પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર(કા.ઇ.)ની માનદ સેવાઓની જગ્યાઓ સહિતની વિગતો અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in/notice-board તથા https://det.gujarat.gov.in વેબસાઇટ પર ઉપલબ્ધ બનશે. જે ધ્યાને લઇ લાયકાત ધરાવતા ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર ઉમેદવારી નોંધાવવાની રહેશે. CITS પાસ ઉમેદવારોને મેરીટમાં પ્રાધાન્ય આપવામાં આવશે. આ સંપૂર્ણ પ્રક્રિયા મેરીટ આધારીત રહેશે. પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર(કા.ઇ.) તરીકે આવનાર ઉમેદવારોનો કોઇ અન્ય સેવા વિષયક હક્કદાવો રહેશે નહિં તે મુજબનું લેખિતમાં એફીડેવિટથી બાહેધરી પત્ર આપવાનું રહેશે. વધુ વિગતો માટે અરજદારે જે-તે સંસ્થા/રોજગાર કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

૧.અનુબંધમ પોર્ટલ (https://anubandham.gujarat.gov.in) પર અરજી કરવા માટેની છેલ્લી તારીખ:૧૯/૧૧/૨૦૨૬

૨. ઉમેદવાર એક કરતા વધારે સંસ્થા માટે ઉમેદવારી નોધાવી શકશે.

૩. રૂબરૂ મુલાકાતની તારીખ તથા સ્થળ માટે જે તે સંસ્થાઓનો સંપર્ક કરવાનો રહેશે.

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

માહિતી/૧૭૭૦/૨૦૨૬-૨૭

WEBSANKUL ®

Downloaded from websankul.com